# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

" સમૃધ્ધિ ", એનેક્ષી, ૪થો માળ, મકકાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com Website : www.sgcci.com

---

રેફ નં. તા: ૧૦/૧૨/૨૦૦૯

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી )

---

## "ઈમ્પ્લીકેશન ઓફ ઈલેકટ્રીસીટી રેગ્યુલેશન" વિષય પર ચેમ્બરમાં વાર્તાલાપ અને રજૂઆતો

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઘ્વારા આજરોજ "ઈમ્પ્લીકેશન ઓફ ઈલેકટ્રીસીટી રેગ્યુલેશન" ના વિષય ઉપર એક વાર્તાલાપ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સેન્ટ્રલ ઈલેકટ્રસીટી રેગ્યુલેટરી કમિશન ના ચેરપર્સન અને ચીફ એકઝીકયુટીવ ડૉ. પ્રમોદ દેવ દિલ્હીથી અને ગુજરાત એનર્જી રેગ્યુલેટરી કમિશન ના ચેરમેન ડૉ. પી.કે. મિશ્રા અમદાવાથી મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા.

આ કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાત વિજ કંપની ના મેનેજિંગ ડીરેકટર શ્રી જી.કે. સિન્હા તથા ટોરેન્ટ પાવર લી. ના એકઝીકયુટીવ ડીરેકટર શ્રી જાગૃત વ્યાસ ખાસ ઉપસ્થિત રહયા હતા.

જી.ઈ.આર.સી. ના ચેરમેન શ્રી પી. કે. મિશ્રાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે, ગ્રાહક સુરક્ષા એકટ ૧૯૮૬ એ આપણે માટે એક સીમા ચિન્હ છે. ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ માં ગ્રાહકોના હિતોની જાળવણી માટે ખૂબજ ઘ્યાન આપવામાં આવેલ છે. તેમાં કન્ઝયુમર ગ્રીવન્સ ફોરમ દરેક વિજ વિતરણ કંપનીએ બનાવી તેને કાર્યબદ્ધ રાખવું. આ એકટમાં લાયસન્સનું વિતરણ, ઓપન એકસેસ, સિકયોરીટી ડીપોઝીટ પર વ્યાજની ચૂવકણી અંગે, ઈલેકટ્રીસીટી સપ્લાય કોડ અને એના ગુણવત્તા અને સાતત્યતા વિગેરે બાબતોની વિશેષ છણાવટ કરવામાં આવી છે. હાલમાં ગુજરાતમાં જૂદી જૂદી પાવર ડીસ્ટ્રીબ્યુશન કંપનીઓના આઠ કન્ઝયુમર રિડ્રેસલ ફોરમ અમલમાં છે અને તેઓનુ મોનિટરીગ કાયમી ધોરણે જી.ઈ.આર.સી. ઘ્વારા કરવામાં આવે છે. વખતો વખત વિજ દરના ફેરફાર બાબતે કમિશન ગ્રાહકના હિતને પ્રાધાન્ય આપે છે. દરેક વિજ વિતરણ કંપનીએ ફરજીયાત ગ્રાહક જાગૃતિ અંગે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી ગ્રાહકોને તેમના હકક અને ફરજો માટે માહિતગાર કરવા જોઈએ. વધુમાં તેમણે કન્ઝયુમર ફોરમની કાર્યશૈલી અંગેની પણ માહિતી આપી હતી.

સી.ઈ. આર.સી.ના ચેરપર્સન તથા ચીફ એકઝીકયુટી ડૉ. પ્રમોદ દેવે ઈલેકટ્રીસીટી રેગ્યુલેટરી એકટ ૨૦૦૩ વિશે વધુ પ્રકાશ પાડતા વિજ જનરેશન કંપની, વિજ ટ્રાન્સમીશન કંપની અને વિજ વિતરણ કંપની અંગેની કાર્યશૈલી, પાવર ખરીદ–વેચાણ ના કરાર અંગે, નેશનલ પાવર ગ્રીડની કામગીરી અંગેની માહિતી પુરી પાડી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પાવર એકસચેન્જ માટે બે પાવર એકચોન્જોને પરમીશન આપવામાં આવી છે, જેમાં પાવરનું ખરીદ વેચાણ પણ ખુલ્લા બજારમાં કરી શકાય છે.

કાર્યક્રમનાં આરંભે મહેમાનોને આવકારતા ચેમ્બર પ્રમુખ શ્રી નિલેશ માંડલેવાળાએ જણાવ્યું હતું કે, સરકાર ગ્રાહકોની જાગૃતી માટે પ્રયત્નશીલ છે. થોડા વર્ષો પહેલા વીજ જોડાણ મેળવવા, એની ગુણવત્તા બાબતે, એની સાતત્યતા અને પાવર કટ (સ્ટેગરીંગ) બાબતે ખૂબજ મુશ્કેલીઓ પડતી હતી. જેનાથી ઉત્પાદનની સાતત્યતા અને ગુણવત્તા તથા એનો જથ્થો જાળવી શકાતો ન હતો. ઈલેકટ્રીસીટી એકટ–૨૦૦૩ રાષ્ટ્રીય સ્તરે વિજ ઉત્પાદન, વિજ પરિવહન અને વિજ વિતરણ, વિજળીનું ખરીદ વેચાણ, વિજ ક્ષેત્રનો વિકાસ, સ્પર્ધાત્મકતા ગ્રાહકોના હિતોનું રક્ષણ, દરેક વિસ્તારોમાં વિજળીની પ્રાપ્યતા વિજ માળખાની સંતુલીતતા, સબસીડી અંગેની નિતીમાં પારદર્શીતા, કાર્યક્ષમ અને પરિસ્થિતી આધારીત ઉદાર નિતીઓ વિગેરેને ઘ્યાનમાં રાખી ઘડવામાં આવ્યો છે. આ એકટમાં વિજ વિતરણ કંપનીઓની વિજ કાર્યક્ષમતા ના પરિણામ ગ્રાહકે ભોગવવા ના પડે તેનુ ઘ્યાન રાખવામાં આવ્યું છે. વિજળી જેવી પાયાની સુવિધા મેળવવા ગ્રાહકો માટે પણ કેટલાંક ઘોરણો નકકી કરવામાં આવ્યા છે. ગ્રાહકો ઘ્વારા આચારવામાં આવતી ગૈરરીતી બદલ તેમણે માટે પણ આકારા દંડની જોગવાઈ કરવામાં આવી છે. આમ વિજ વિતરણ કરતી કંપનીઓ અને ગ્રાહકો બન્નને પોતાની જવાબદારી અને ફરજ બન્નેનુ ઘ્યાન રાખવામાં આવ્યું છે. વધુમા તેમણે જણાવ્યું હતું કે, આ એકટની વધુ જાણકારી તેમજ સામાન્ય ગ્પ્રહકોની અપેક્ષાઓ, સલગ્ન સંસ્થાઓ, ઉદ્યોગો વિગેરેને મુશ્કેલીઓ બાબતે ઉપસ્થિત મહાનુભાવો યોગ્ય નિરાકરણ લાવશે તેવી અપેક્ષા વ્યકત કરી હતી.

સભ્યો સાથેની પ્રશ્નોત્તરીમાં ક્રોસ સબસીડીના પ્રશ્નો, ગ્રુપ કેપ્ટીવ પાવર પ્લાન્ટની સ્થાપના બાદ ઉભા થતા પ્રશ્નો અને ગેરસમજ, વિજ કનેકશન મેળવવા માટે વિજ વિતરણ કંપની ઘ્વારા ગ્રાહકોને પડાતી ફરજો જેવી કે મોંઘા ભાવની જગ્યા, તેના મેન્ટેનન્સ, વેરાઓ અંગેની જવાબદારી માટે વિવિધ કેટેગરીઓ માટે વિવિધ નિયમ બાબતે, જેમ કૃષિ ક્ષેત્રના વિજદરની જેમ એસ.એમ.ઈ. સેકટર માટે પણ રાહત દરની વિજ ટેરીફ રાખવામાં આવે, જૂદા જૂદા વિસ્તારોમાં એની કાર્યક્ષમતા પ્રમાણે વિજદર નકકી કરવા, વિજ વિતરણ કંપનીઓ ઘ્વારા વારે ઘડીએ થતા પાવરની વધ–ઘટ, ફ્રિકવન્સીમાં ઘટાડો વિગરે ઘ્વારા ઈન્ડસ્ટ્રીને થતા નુકસાન, એક વિસ્તારમાં બે–ત્રણ કરતા વધારે વિજ વિતરણ કંપનીઓને (ટેલીફોન કંપનીઓની જેમ) લાયસન્સ આપવા જેથી કરી સ્પર્ધાનો લાભ ગ્રાહકોને મળે, કોલસાના ક્ષેત્રો જયાં મળી આવે છે તે વિસ્તારમાં કોલબેઝ પાવર પ્લાન્ટ નાખવાનો જેમ અગ્રતા આપવામાં આવે છે તેમ જે વિસ્તારોમાં વિપુલ પ્રમાણમાં ગેસ ઉપલબ્ધ છે તે વિસ્તારમાં ગેસબેઝ પાવર પ્લાન્ટ નાખવા માટે અગ્રીમતા આપવામાં આવે વિગેરે બાબતો માટે રજૂઆત કરવામાં આવી હતી.

ઉપરોકત રજૂઆતોના સંદર્ભમાં ઉપસ્થિત મહાનુભવો તરફથી હકારાત્મક પ્રતિભાવ સાંપડયો હતો.

અંતમાં ત.ભૂ.પૂ.પ્રમુખ શ્રી ચેતનભાઈ શાહે આભારવિધી કરી હતી.